Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ · અંક : ૧૮ · તા. ૨૬ એપ્રિલ થી ૦૨ મે ૨૦૧૪ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14



## માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલય, જામનગર

### શનિવાર, તા. ૨૫/૦૧/૨૦૧૪ તેમજ રવિવાર, તા. ૨૬/૦૧/૨૦૧૪

### દિકરીઓ દ્વારા પ્રસ્તુત નૃત્યુ નાટીકા ''મહામાનવ મહાવીર'' તેમજ ધ્વજ વંદન કાર્યક્રમ

















**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા



**અંક નં. 18/2014**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poomima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


*તંત્રીસમીપે*

# જ્ઞાતિ સંમેલનની યર્થાર્થતા અને સાર્થકતા

ગત જાન્યુઆરીમાં શ્રી સમસ્ત મહાજનના ટ્રસ્ટબોર્ડે આગામી ડિસેમ્બરમાં રાયપુરમાં જ્ઞાતિ સમેલન યોજવાનું નક્કી કર્યું તે પછીના ત્રણેક મહિના દરમ્યાન સંમેલનના કાર્યાલયના ઉદઘાટન અને સંમેલનના સ્થળની પસંદગી કરવા ઉપરાંત ૫ એપ્રિલના ટ્રસ્ટબોર્ડની સભામાં આગામી ૧૫ મેના મહાસમિતિની સભા બોલાવી પ્રસ્તાવિત સંમેલન અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરાશે તેટલી કાર્યવાહી થઈ છે.

અલબત્ત, સંમેલન બોલાવવાનો નિર્ણય ટ્રસ્ટબોર્ડે લેવો જોઈએ કે મહાસમિતિએ તે મુદ્દો ઔચિત્યતા અને બંધારણીય દ્રષ્ટિએ મુલવવાની વાત બાજુએ મુકીએ તોયે હજીપણ પંદરેક દિવસનો સમય છે, જે દરમ્યાન મહાસમિતિના સભ્યો ઉક્ત બેઠકમાં હાજરી આપે તે પહેલાં પોત પોતાના વિસ્તારોના જ્ઞાતિજનો અને મહાજનોની વ્યવસ્થાપક સમિતિના સભ્યો સાથે પર્યાપ્ત વિચાર વિમર્શ કરી જ્ઞાતિએ આ સંમેલન બોલાવવાની આવશ્યકતા છે કેમ અને જો આ આવશ્યક હોય તો તેમાં શી કાર્યવાહી થવી જોઈએ તે અંગેના નકકર સુચનો વિષે પણ મત - અભિપ્રાય મેળવી મહાસમિતિની આ આગામી સભામાં વિગતવાર રજુઆત કરશે એટલી અપેક્ષા તેમની પાસેથી રખાય તો તે વધુ પડતી નથી જ.

૧૯૪૮માં મુંબઈમાં યોજાયેલ પ્રથમ જ્ઞાતિ સંમેલનની ફળશ્રુતિ રૂપે જ્ઞાતિને શ્રી શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ જેવી જ્ઞાતિના શૈક્ષણિક ક્ષેત્રે શિષ્યવૃત્તિ અને લોન સહાય દ્વારા લગભગ તમામે તમામ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓની આર્થિક જવાબદારી સંભાળી શક્તી  એક સક્ષમ સંસ્થા મળી.

તે પછી હુબલીમાં ૧૯૭૯માં યોજાયેલ બીજા સંમેલનની ફળશ્રુતિ રૂપે જ્ઞાતિજનોને ધંધા - ઉદ્યોગ - વ્યવસાય માટે આર્થિક સહયોગ આપવામાં અગ્રેસર એવી શ્રી અરિહંત બેંક મળી.

ત્યારબાદ મુંબઈમાં ૧૯૯૧માં મળેલ ત્રીજા જ્ઞાતિ સંમેલનની ઉપલબ્ધિ સ્વરૂપે સમસ્ત મહાજન જેવી જ્ઞાતિના વિવિધ ક્ષેત્રોના મહાજનો અને જ્ઞાતિજનો વચ્ચે સંકલન કડી જોડવાની મુખ્યત્વે જવાબદારી નિભાવતી સંસ્થા અસ્તિત્વમાં આવી. પરંતુ આ સંસ્થા જાણે બાળમરણ પામી હોય તેમ અઢારેક વર્ષ સુધી તદન નિષ્ક્રિય રહી અને તે પછી છેલ્લાં સાતેક વર્ષમાં તેને પુનપ્રવૃત કરવામાં આવી અને જ્ઞાતિમાં ફરીથી આશાવાદ જગાડવામાં સફળ થઈ છે તેટલું તો તેને ન્યાય આપવા ખાતર નોંધવું જ રહ્યું.

આમ છતાં, આ વિશાળ ફલક પર ઊભેલી સંસ્થાના બંધારણની જોગવાઈઓ અને ખાસ કરીને તેના માર્યાદિત ઉદ્દેશોને કારણે તેની (સમસ્ત મહાજનની) કાર્યવાહીની અસરકારકતા વિષે મૂળતઃ જે પ્રશ્ન ઊભો થાય છે અને વ્યવહારમાં પણ અનુભવાય છે તેની ગંભીરતા અંગે તેની મહાસમિતિ કે ટ્રસ્ટબોર્ડે સમુચિતપણે વિચારણા કરી નથી, તે કોઈ પણ વિચારશીલ જ્ઞાતિજનને વ્યથિત કરે છે. એટલેજ તેની સક્રિયતાએ સર્જેલ ઉક્ત આશાવાદ હજી પણ ઝાંખો - પાંખો દેખાય છે તે એ રીતે કે જ્ઞાતિના વિવિધ મહાજનો વચ્ચે સંકલનલક્ષી ભુમિકા અદા કરવી અને સંમેલનમાં પસાર થયેલ ઠરાવોનો અમલ કરાવવો એ પ્રકારના સમસ્ત મહાજનના બે મુખ્ય ઉદ્દેશોનો વિચાર કરીએ ત્યારે વારંવાર જે પ્રશ્ન ચર્ચાયછે તે એ છે કે ધારો કે કોઈ જ્ઞાતિજન કે મહાજન સંમેલનમાં પસાર થયેલ અમુક ઠરાવમાં નિર્દેશિત આદેશ કે કાર્યવાહીનું પાલન ન કરે તેવા સંજોગોમાં સમસ્ત મહાજન તે જ્ઞાતિજન કે મહાજનને તે આદેશ કે કાર્યવાહીનો અમલ કરવા કઈ રીતે એટલે કે કેવાં પગલાં લઈને ફરજ પાડી શકે અને તે છતાં પણ

તે આદેશ કે કાર્યવાહી ન કરવામાં આવે તો તે જ્ઞાતિજન કે મહાજન વિરૂધ્ધ સમસ્ત મહાજન કોઈ અંતિમાત્મા પગલાં લઈ શકે કે કેમ તે વિષે બંધારણમાં કોઈ જોગવાઈ નથી. મહાસમિતીની આગામી સભામાં સમસ્ત મહાજનની સર્વોપરિતા હોવી જોઈએ કે નહીં તે બાબત ચર્ચા કરી યથાયોગ્ય નિર્ણય લેવો જોઈએ.

સમસ્ત મહાજનની ઉપલબ્ધિ કે ઉપયોગિતા તરીકે જે પાસું મહત્વનું ગણી શકાય એટલે કે બીજા અર્થમાં કહીએ તો છેલ્લાં સાતેક વર્ષમાં સંનિષ્ઠ પ્રયત્નો કરીને જ્ઞાતિજનોમાં અન્યોના વચ્ચે સંપર્ક સેતુ બનીને જ્ઞાતિ ઐક્યનું સંવર્ધન કરવાનું શ્રેય સમસ્ત મહાજન જરૂરથી લઈ શકે તેમ છે, પરંતુ સમગ્ર જ્ઞાતિને સ્પર્શતી કોઈ મહત્વની ઘટના બને કે પ્રશ્ન ખડો થાય ત્યારે અસરકારક ભૂમિકા ભજવી તેનો યોગ્ય નિકાલ કે નિરાકરણ કરવા માટે સમસ્ત મહાજન જાણે લાચાર બની જતું હોય તેવી પરિસ્થિતી થતી હોવાને લીધે સૌ વિચારશીલ જ્ઞાતિજનો ચિંતિત અને વ્યથિત બને તે સ્વભાવિક છે.

તાજેતરમાં જ, અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની અનંતછાયા મિલકતનું વેચાણ કરવા અંગે નિર્ણય લીધો. તેના પગલે સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓએ સમગ્ર જ્ઞાતિમાં યોજેલ વિવિધ સંપર્ક સભાઓ દ્વારા જે અભિપ્રાય મેળવ્યો, તેના આધારે સમસ્ત મહાજને અનંતનાથજી ટ્રસ્ટને પત્ર મોકલી ઉક્ત વેચાણ રદ કરવા અનુરોધ કરવા ઉપરાંત કોઈ કાર્યવાહી કરી નહીં. અલબત્ત, જ્યારે તે વેચાણની મંજુરી મેળવવાની અરજી ચેરીટી કમીશ્નર સમક્ષ રજુ કરીને પોતાની અસરકારકતા પુરવાર કરવાની મળેલ તકનો સમસ્ત મહાજને ઉપયોગ ન ક્ર્યો તેમાં બંધારણીય મર્યાદાને બદલે ટ્રસ્ટીઓએ બીનજવાબદાર કહી શકાય તેવો અભિગમ અપનાવ્યો તેને વધુ દોષ આપી શકાય તે હકીકત છે.

એટલે જ, આ તબક્કે, તો, મહાસમિતિએ તેની આગામી મે મહીનાની અને તે પછીની બે એક મહીનામાં યોજવા યોગ્ય સભાઓમાં જે મુદ્દાઓ પર જ્ઞાતિના વિશાળ હિતની દ્રષ્ટીએ નિર્ણય લેવાના છે તેમનો ઉલ્લેખ કરીએ તો તેના બંધારણમાં કોઈ ફેરફાર કરવા છે કે કેમ અને બંધારણમાં કોઈ પણ ફેરફાર ક્ર્યા વિના શું સંમેલન બોલાવવાનું ઉચિત છે કે કેમ અને જો સંમેલન બોલાવવું જ હોય તો તેને સાર્થક કરવા શી શી કાર્યવાહી થવી જોઈએ તે વિષે સઘન વિચાર વિમર્શ કરવો પડશે.

સમસ્ત મહાજનના બંધારણમાં જેમ અન્ય

---


**અગત્યની સુચનાઓ**

● પ્રકાશ સમીક્ષાને ઈ - મેલથી જાહેરાત / સમાચાર / મેટર મોકલ્યા પછી તેની અમને આ નંબર પર SMS એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા વિનંતી. જેથી તેની નોંધ લઈ શકાય. મોબાઈલ નં. ૯૦૦૪૧૬૫૧૯૨. આ નંબર ફક્ત SMS એસ.એમ.એસ. સ્વીકારવા માટે જ છે.

● સમાચાર/ જાહેરાત માટે મોકલેલ મેટર અંગે સહતંત્રી શ્રી ચંદ્રસેન મોમાયાનો સંપર્ક કરવો. મો. ન. ૯૩૨૪૬૧૮૬૦૬ અંકોન મળવા અંગે તેમને ફોન નહીં કરવા વિનંતી.

Please Note : Whenever you send news / advertisement / matter by email, please do send your sms for the same to us on Mob. ; 9004165192. This number is for receiving sms only.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | ન્યુજ ગ્લેઝ કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 5000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2600/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1400/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 800/- | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 400/- | 350/- |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA ના નામે લખવા**

જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/વ્હાઈટ છે કે કલર છે, જા.ખ.ની સાઈઝ, જા.ખ.નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

મહામંડળો કે ફેડરેશનો તેના સભ્ય મંડળ પર અસરકારક હકુમત ધરાવે છે તેવી સત્તા અધિકાર આપતી જોગવાઈ આમેજ ન થઈ શકે તો પણ, જ્ઞાતિ મહાજનો, સંસ્થાઓ અને ટ્રસ્ટો સમસ્ત મહાજનને વડીલ જેવી ગૌરવપુર્ણ સન્માનીયતા બક્ષે અને આમાન્યા સ્વીકારે એ પ્રકારનું બંધારણીય માળખું ઊભું ન થાય ત્યાં સુધી સમસ્ત મહાજનના અસ્તિત્વ અને જ્ઞાતિ સંમેલનોની યથાર્થતા વ્યાજબી ગણી શકાશે નહીં. બાકી તો, છેલ્લાં ત્રણે સંમેલનોમાં જે ઠરાવો પસાર થયા છે તેમાં જ્ઞાતિના રીતરિવાજો, સામાજીક, શૈક્ષણીક, ધાર્મિક, અતિથિગૃહ, જેવા મુદ્દે ઔપચારિક ઠરાવો, શાબ્દિક અને અલંકારિક ભાષાના ફેરફાર સાથે પસાર થયા છે તેવા ઠરાવો પસાર કરવા જ્ઞાતિ સંમેલન બોલાવાય તેમાં એક બીજાને હળવા મળવા સિવાય બીજી કોઈ અપેક્ષા રાખી શકાય નહીં.

અલબત્ત, હજુ પણ બાજી સમસ્ત મહાજનના આગેવાનોના હાથમાં છે. નિર્ધારિલ સંમેલનને સાર્થક બનાવવા સૌ પ્રથમ જ્ઞાતિના વિવિધ મહાજનો વચ્ચે સંકલનકારની ભૂમિકા ભજવવી અને સંમેલનમાં પસાર થયેલ ઠરાવોનો અમલ કરાવવો એવી વડીલશાહી ભુમિકાથી આગળ વધી એક સન્માનીય કેન્દ્રીય સંસ્થા તરીકે જ્ઞાતિ હિતનું લાંબા સમયનું આયોજન કરવા તથા તેને અમલમાં મૂકવા યુવાનોના તરવરાટ સાથે આગળ આવે તો સંમેલન યથાર્થ પણ થાય અને સાર્થક પણ.

– રા.

## મોમાયા પરિવારનું ગૌરવ

**અમદાવાદ મહાજનનાં**
**બીન હરીફ પ્રમુખ થવા બદલ**

## હાર્દિક અભિનંદન



## નલીન કેશવજી વેલજી મોમાયા

(વરાડીયા - અમદાવાદ)

દાદાણા : વેલજી શીવજી મોમાયા (વરાડીયા)

માતા - પિતા : રાજબાઈ કેશવજી વેલજી મોમાયા

નાનાણા : ચાંપશી વિશનજી પાલાણી (કોઠારા)

સાસરા : ઉત્તમચંદ કુંવરજી મેપાણી
(પરજાઉ - મુલુંડ)

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલિકાઓના પ્રણેતા ®
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

**અભિનંદન - અનુમોદન**

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન જસાપર, ને નુતન અતિથિગૃહ અને શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાંડિયાને, નુતન ઉપાશ્રય ભવનમાં ઉદઘાટન પ્રસંગે વધામણાં સહ શુભેચ્છાઓ.

– તન-મન પરિવાર

શિખરજીની એકમાત્ર અને સર્વ પ્રથમ આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત વાતાનુકુલીત હોટલ
SHIKHARJI ™
Continental
MADHUBAN - JHARKHAND
06558-232429

શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

શુભેચ્છાસહ.....
શીતલ કોટન ટ્રેડર્સ
શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઈમ્બતુર)

ABDASA (KACHCHH) GAUSHALA TRUST
(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)
C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.
Mumbai Office : 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

# કઠિન પરિસ્થિતિઓમાં ખીલી ઊઠતા મારા જીવન સાથીને તેમના જન્મદિન (૭મી મે) ની હાર્દિક શુભેચ્છાઓ.



કૌન બનેગા કરોડપતિના સેટ ઉપર સદીના મહાનાયક શ્રી અમિતાભ બચ્ચન સાથે શ્રી શામજી પદમશી છેડા

## તેમની વિશિષ્ઠતાઓની એક ઝલક

- ધો V થી S.S.C. સુધીની વાર્ષિક પરીક્ષાઓમાં સતત સર્વ પ્રથમ ક્રમાંક જાળવી રાખનાર.
- M.A. (IInd class),
  B.Ed. (IInd class),
- (ભૂ.પૂ)નાની ન્યાતને આપણી જ્ઞાતિના દેરાસરોમાં ધાર્મિક વિધિઓની સંપૂર્ણ છૂટ મળે એ માટે સતત પાંત્રીસ વરસ સુધી લખાણો લખીને તેમજ પત્રવ્યવહાર કરીને છેવટે બંને જ્ઞાતિઓને એક કરવામાં મહત્વની ભૂમિકા ભજવનાર.
- આપણી જ્ઞાતિના વૃદ્ધાશ્રમનું સ્વપ્ન સેવનાર અને એ માટે સુથરીના અમારા મકાનને દાનમાં આપવાની જાહેરાત કરનાર.

શુભેચ્છક - જીવન સંગિની
**પ્રભા શામજી છેડા**

**નમ્ર નિવેદન :** પ.પૂ. શ્રી વિદ્યુત પ્રભાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી મને માધ્યમિક અને ઉચ્ચશિક્ષણના વર્ષો દરમ્યાન સહાયરૂપ થવા બદલ પૂ. શ્રી ભાચ્છા મામા (સ્વ. શ્રી રતનશી પાસુભાઈ - સુથરી), પૂ. શ્રી નરશીમામા (સ્વ. શ્રી નરશી પાસુભાઈ) તથા તેમના કુટુંબીજનોનો હું ખરા દિલથી આભાર માનું છું. સમાજમાં આવાં ઉદાહરણો મળવાં મુશ્કેલ છે.

ગાંધીધામ

વિનમ્ર : શામજી પદમશી છેડા
મો. ૦૮૧૦૮૬૬૭૦૨૨

# કચ્છી કવિતા – પ્રકાશ

સંકલન : નવિન પટેલ

૨

'કચ્છી કવિતા – પ્રકાશ'માં આપણે કચ્છી કવિતાની સમૃધ્ધિ અને અન્ય કોઇપણ ભાષાની તોલે આવી શકે તેવા આપણાં સાહિત્યકારોની રચનાઓ પર એક નજર નાંખવાનો પ્રયત્ન કરીશું. કચ્છની બહાર વસતો કચ્છી કચ્છીયતને અપનાવતો નજરે તો ચડે છે પરંતુ કચ્છીને નજર અંદાજ કરે છે. દુનિયાના અનેક સફળ માનવો જ્યારે પણ એની માતૃભાષાની વાત આવે ત્યારે એ બાબતને ગર્વ ગણે છે. આપણે પણ ઘરમાં રોજીંદી ભાષા તરીકે કચ્છી અપનાવીને આપણી ભાષા પ્રત્યે ઋણ ચુકવવાનો પ્રયત્ન ચોક્કસથી કરી શકીએ છીએ.

આજના આ બીજા સોપાને આપણે કચ્છી કવિતામાં આધ્યાત્મિકતાનો રંગ જોઇએ. પ્રથમ માધવ જોશી 'અશ્ક'ની પુસ્તિકા 'લેર્યું'ની એમ કવિતા 'નિર્મલ કર તું નાથ' ની કેટલીક પંક્તિ જોઇએ જેમાં આત્મ કલ્યાણની વાતો છે.

**સમરીયાં શ્રી કૃષ્ણ કે, મન કૃષ્ણ કે પુકારે,**
**સાંવરી સુરત વારો અચે મુંજે આતમ જે ઓતારે;**

**તૃષ્ણા – માયા નાર જોડી, મુંકે છાલ ન મારે,**
**ક્રોધ મદ ને મોહ લોભનું, માધવ મુંકે વારે;**

**નિન્ધા મુંજે મુખાં ન નિકરે, ખોરો બોલણ ટારે,**
**સચ્ચ પરહિતકારી મિઠડી, વાણી જિભ ઉચ્ચારે;**

**(નાર = નાળીયેર, ખોરો = ખરાબ,બરછટ)**

કવિ જયન્તિ જોષી 'શબાબ'' શબ્દ ખંડિયેર'માં કચ્છની દેવી આશાપુરાની માનસ પૂજા આ સ્તુતિમાં કરે છે. ગુજરાતી કે અન્ય કોઇપણ ભાષાને ટક્કર મારે એવા ભાવ આ સ્તુતિમાં છે.

**ઘટ ઘટમેં માડ઼ી આંજા બેસણાં રે લોલ,**
**ઘટ ગુરબે જાગે આંજી જોત રે ...**
**જય જય જગજનની આઇ આશાપુરા.**

**મનજ્યું વિરત્યું સે આંજી જોગણ્યું રે લોલ,**
**રાસ રમેં સાસ ને ઉસાસ રે ... જય જય ...**

**મનોમન ઉતાર્યું આંજી આરતી રે લોલ,**
**સિરધા જા ચાડ઼ી ફુલહાર રે ... જય જય ...**

**ઝાલર ને શંખ વજેં ભાવજા રે લોલ,**
**કર્મેં જા ધૂપ ખિવેં ધાર રે... જય જય ...**

**(વિરત્યું = વિનંતિઓ, ચાડ઼ી = ચડાવી)**

હરેશ ધરજી 'કસભી'ની કવિતા 'વિધા દેવી સરસ્વતી' તેમની પુસ્તિકા 'જરૉર'માંથી લીધેલ છે. માતા સરસ્વતીની આ સ્તુતિમાં પ્રાસ તથા શબ્દોનો મેળ કવિની ક્ષમતા દર્શાવે છે.

ગિન અસાંકે તું શરણમેં, વિધા ડૅવી સરસ્વતી,
મૅર કજ માં શારદા તૂં, ડિઇ અસાં કે સન્મતિ;

કારાયલ જે વાન શોભેં, હથ મેં વીણાં ધારીણીં,
અચ્છેં વસ્ત્રેં શોભેં માડ઼ી, કોર સાડ઼ીજી રતી;

**સૂર સુરીલા તો થકી માં, અખર આયા તો થકી,**
**ધણીયાણી તૂં પૅલે જુગ઼જી, જગદંબા ઐયેં સતી...**

(મૅર = મહેર, કજ = કરજે, કારાયલ = મોર, કોર = કીનારી–બોર્ડર)

કચ્છી કવિતામાં ભક્તિ–આધ્યાત્મિકતાની વાતો મેકણદાદા વગર અધુરી રહી જાય. કચ્છનાં આદ્ય કવિ તરીકે જાણીતા આ સંતની રચનાઓ આશરે ૩૫૦ વર્ષ પુરાણી છે જે કચ્છી ભાષાની સમૃદ્ધિ દર્શાવે છે.

**મુંજે મનજી ગાલિયું, જેડ઼િયું સમંધર લહેરિયું,**
**હિકડ઼્યું પોત્યું તડ઼ મથે, બઇયું ઉપડ઼ઇયું;**

**સાંયા લહરું થોડ઼િયું, ઘટ મેં ઘણેંરિયું,**
**હિકડ઼્યું પોગ્યું ન તડ઼ મથે, ત બઇયું ઉપડ઼ઇયું;**

મારા મનની વાતો સમુદ્ર જેટલી અનંત છે, પહેલીને કાંઇક સહારો મળે ત્યાં બીજી ઉપડે છે; તેમ જ સાગરની લહેરો તો થોડી છે તેનાં કરતાં મારા મનમાં વધુ લહેરો(ઇચ્છા) છે, એક હજી કિનારે ના પહોંચે ત્યાં બીજી આવી જાય છે.

**પિપ્પર મેં પાણ, નાંય બાવર મેં બેઓ;**
**નિમ મેં ઉ નારાણ, પોય કંઢે મેં કેઓ ?**

પીપળમાં, બાવળમાં, લિમડામાં ભગવાન છે તો કાંટામાં અન્ય કોઇ કેમ હોઇ શકે ?

શિવજી દેવશી મઢડાવાલાએ કચ્છીમાં ભક્તિ – દેશ ભક્તિ વિશે વિશેષ કાવ્યો સર્જેલ છે. તેમની કૃતિ 'પરમાત્માને પ્રાર્થના' 'શ્રી કચ્છ કાવ્યામૃત'માં પ્રસિધ્ધ થયેલ તેની કેટલીક પંક્તિઓ તેમની કાવ્ય સર્જનતાનો આભાસ આપે છે.

**કર પાર કૃપાળુ, દીન દયાળુ, સુખાણ કરમૈં ધાર,**
**સુખાણ કરમૈં ધાર વાલીડ઼ા, કર સેવકજી સાર. ॥ કર ॥**

**વાટ અજાણી નાવ પુરાણી, પવન લગે તો અપાર,**
**અભમેં મેઘરાજ ચડ઼ી આયો, વ્યાપ્યો આય અંધકાર. ॥કર॥**

**ચોવાજેં નાવિક તું જગ મેં, પિંઢજી ફરજ સંભાર,**
**પાપી – અપાપી પાર ઉતારે, કર કીં મુજો વિચાર. ॥કર॥**

(કરમૈં = કરેલા કરમ, ધાર = છોડી દે / માફ કરી દે)

અને છેલ્લે કવિ 'તેજ'ની ગણેશની મૂર્તિઓ દુધ પીતી હોવાની અફવા અંગે એક વ્યંગ રચના સાથે સમાપન કરીએ.

**ગુણિયલ અયો ગણેસ અંઇ વડે પેટવારા,**
**અજ ભલા કીં કરે વિઠા ચમચીએંસેં ચારા ?**

**ચમચીએંસેં ચારા અંઇ પીયણ વિઠા ખીર,**
**લડુએંજા ખેંધલ આંજો સમરથ આય સરીર;**

**જ અંઇ ખેંધા ખીર ત પોય, અસીં પીયું કુરો ?**
**ખાધ આંજો ભધલાયો મ, અસાંજો થીંધો મરો !**




## પ્રસ્તાવિત જ્ઞાતિ સંમેલન

આમ તો છેલ્લા ૧૦-૧૨ મહીનાથી જ્ઞાતિ સંમેલન વિશે જ્ઞાતિ પત્રોમાં વાંચવામાં આવતું હતું. પરંતુ પ્રકાશ સમીક્ષાના અંક નંબર ૧૨ના અહેવાલથી એ ચોકકસ થયું કે જ્ઞાતિ સંમેલન ડીસેમ્બર -૨૦૧૪ માં રાયપુર મુકામે ભરનાર છે.

પ્રથમ તો આ સંમેલનનું ટાઈમીંગ જ ખોટું છે, કારણ કે ડીસેમ્બર -૨૦૧૪માં તો જ્ઞાતિની અતિ મહત્વની સંસ્થાઓ શ્રી કે.ડી.ઓ મહાજન - મુંબઇ તથા શ્રી અનંતનાથ ટ્રસ્ટની ચુંટણી યોજવાની છે. આપણે સૌ જાણીએ છીએ જ કે મુંબઈ મહાજનના કાર્યક્ષેત્રમાં લગભગ ૭૫ થી ૮૦ ટકા જ્ઞાતિ આવી જાય છે. તો આટલા મોટા સમુદાયના કયા પ્રતિનિધિ આ સંમેલનમાં હાજરી આપશે ? હાલના ૫૧ કે પછી જીતેલા૩૧ કે પછી હારેલા વિગેરે વિગેરે...... અને જો નવી ટર્મના હોદેદાર હાજર નહી રહે તોOut Going પ્રતિનિધિઓ આ સંમેલનમાં કોઇ કમીટમેન્ટ કરે છે તો તેને નવ નિર્વાચિત હોદેદારો માનશે ખરા? જો આવું કંઈક થાય તો આ સંમેલન યોજાવાનો આખો પુરૂષાર્થ વ્યર્થ જાય.

હવે બીજા મુદા પર આવીએ. અગાઉ થઈ ગયેલા સંમેલનોના ઠરાવોના અમલીકરણની શું સ્થિતી છે?

દ્વિતીય સંમેલનના (૧૯૭૯) મુખ્ય ઠરાવોની સ્થિતી નીચે મુજબ છે:

ઠરાવ નં. ૪. ઔદ્યોગિક - વ્યવસાયિક કોર્પોરેશન સ્થાપવા અંગે, ઠરાવ નં. ૬ : જ્ઞાતિ સર્વેક્ષણ અંગે, ઠરાવ નં. ૭ : મુંબઈ મહાજન વાડીનું આધુનિકરણ કરવા અંગે, ઠરાવ નં. ૧૧ : જ્ઞાતિ જનોના યોગ્ય રહેઠાણ અંગે

ઉપરોક્ત ચાર ઠરાવોનું અમલીકરણ થયું હોય તેવું લાગતું નથી તથા બાકીના ઠરાવોનો આંશીક અમલજ થયો છે અથવા તો ફક્ત મુંબઈ પુરતો જ અમલ થયેલ છે. જેમ કે મહીલા ગૃહ ઉદ્યોગ શરૂ કરવા અંગે (ઠરાવ નં.૩) અથવા તો કો. ઓ. અર્બન બેંક સ્થાપવા અંગે (ઠરાવ નં.૧૨) (આજની સ્થિતી જોતા હવે આપણી શ્રી અરિહંત કો. ઓ. બેંકને પોતાનું ફલક મુંબઈ બહાર પણ પ્રસારવું જોઈએ (રિજર્વ બેંકના નિયમોને આધીનજ વળી)

તૃતિય સમેલનં (૧૯૯૧) ના મુખ્ય ઠરાવોની સ્થિતી નીચે મુજબ છે.

Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...
રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી,
રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા
• રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881
ગુરૂવાર બંધ

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
અવસર સારીઝ
• સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
• રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ.
૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ,
દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯
સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676

# Tribute to Shri Pravin D. Khona



Custumer's Meet At
Matunga Gujrati Club

Shri Arihant Co-op. Bank Ltd. family is plunged into profound grief and deep sorrow with the sad demise of Shri Pravin D. Khona.

As is well known, Shri Pravinhai was a very competent practicing Chartered Accountant who took very keen interest in the social work and welfare of the Kutchi Dasa Oswal [KDO] Jain Community since his younger days. He had the urge to do something significant that would benefit the community businessmen as well as help in upliftment of the poor and the downtrodden. He got this opportunity during the second Adhiveshan of Kutchi Dasha Oswal Jain Community held at Hubli in 1980,and mooted the idea of forming a Co-operative Bank of the Community for the benefit of the community members.

Shri Pravinbhai as well as two other members of the community, late Shri Laxmichand Shivji Ratani and Shri Virchand Lalji Munwar from Mumbai who initiated the procedure of forming a Bank. They held a meeting of the Mumbai unit of the Kutchi Dasa Oswal where it was unanimously decided to open a Community Bank. The meet appointed Shri Pravinbhai Khona, Shri Laxmichand Shivji Ratani and Shri Virchand Lalji Munwar as Chief Promoters and authorized them to take the necessary steps in the matter. They alongwith other prominent members of the community virtually went door to door for enrolling members /Shareholders of the Co-operative Society[Bank] to collect a Capital of Rs.4.50 lacs and apply to the Registrar of Co-operative Societies, Reserve Bank of India and Maharashtra State Co-op. Bank, their efforts bore fruits and their dream for opening a co-operative bank to cater to the needs of KDO community became a reality on 25th January, 1984. The Bank started functioning from our present Bhandup premises from 17t May, 1984. Gradually with the vision and foresight of Shri Pravinbhai and other director colleagues the Bank grew from strength to strength by opening of Mulund, Ghatkopar and Chinch Bunder branches till Mr. Pravinbhai laid down the office of the Chairman in 1995 to groom others in running the Bank and remained a director till 2000 on Board to guide them.

Although he relinquished the post of Chairman of the Bank in 1995 and that of a director in the year 2000, he continued to take active interest in the functioning of the Bank and offered valuable advice and guidance from time to time. At times he would even criticize the management of the day for betterment of the Bank which was taken in right perspective. His sound advice and criticism will be sadly missed. The void left by him will be hard to fill.

We the members of Shri Arihant Bank family, take a pledge to pursue the principles of Shri Pravinbhai Khona and carry forward his unfinished work legacy of serving the community.

We also pray to the God Almighty to grant peace to the departed soul and give strength to his family to bear the irreparable loss.

Also in mourning
All Directors and Staff Members of
Shri Arihant Co-op. Bank Ltd.

**Shri Kalyanji C. Chheda**
**Vice Chairman**



Opening Ceremony of
Head Office Vikhroli (W)



Launching of computerition at
Bhandup Branch



Opening Ceremony of
Ghatkopar (E) Branch

ઠરાવ નં. ૧ : શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન તથા સંમેલનના બંધારણને બહાલી આપી તેને અમલી બનાવવું. ઠરાવ નં. ૩: મુંબઈમાં અતિથિગૃહ સ્થાપવાનું. ઠરાવ નં. ૫ : જ્ઞાતિજનોના રહેઠાણ માટે સહકારી ધોરણે અથવા તો અન્ય રીતે વસાહતો ઊભી કરવી. ઠરાવ નં. ૬ : વ્યવસાયિક, ઔદ્યોગિક તેમજ રોજગાર વિનિમય અંગે. ઠરાવ નં. ૭: નાણકીય નિગમ સ્થાપવું, ઠરાવ નં. ૧૩ : વિવિધ સંસ્થાઓની પ્રવૃત્તિઓનું સંકલન કરવાનું.

આ પચ્ચીસ વર્ષમાં સમસ્ત મહાજન હજી બરાબર ઊભું પણ થઈ શકેલ નથી. ત્યાં બાકીના અન્ય ઠરાવોનું તો શું થાય?

હકીકતમાં તો સમસ્ત મહાજનના હોદેદારોને સંમેલન ભરવની ઉતાવળ હોય તેમ લાગે છે. સંમેલન યોજવા કરતાં પહેલાં સમસ્ત મહાજનને પોતાના અસ્તિત્વના મહત્વને પુરવાર કરવાનું બાકી છે. કારણે કે ૨૦૧૨માં સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓએ લગભગ આખા ભારતના આપણા મહાજનો સાથે કાર્યસુચી વગરની મીટીંગો કરી હતી. તેમાં સર્વે મહાજનોનો એક સુર હતો કે જ્ઞાતિની મિલકત અનંતછાયા વેચાવી ન જોઈએ, ત્યારે સમસ્ત મહાજન સમગ્ર જ્ઞાતિની લાગણી પર કોઈ ઠોસ કાર્યવાહી કરી શક્યું નહતું.

એટલો ભલો સમસ્ત મહાજનના આ હોદેદારોની ટર્મ પુરી થવા આવી હોય, તેમણે પહેલાં આ સંસ્થાને ગૌરવાન્વિત કરવાની જરૂર છે, સંમેલન તો થતા રહેશે. પહેલાં કઈ ઠોસ કામ કરી બતાવો. કોઈપણ સંસ્થાને ઉત્કૃષ્ઠ કરવા માટે મોટી મોટી અને સરવાળે ખોટી ખોટી વાતો કરતાં નાની નાની પણ નકકર કામગીરી જ જરૂરી હોય છે.

**- ચંદ્રેશ પદમશી છેડા** વડોદરા

## "સ્વયં સિધ્ધા"

**જી.વી.સી. લેડીસ વિંગ** દ્વારા વર્ષ ૨૦૧૪ - ૧૫નો પહેલો પ્રોગ્રામ કામા જ્વેલરી અંધરી સિપ્ઝ મધ્યે સાચા હીરાના દાગીના બનાવતી ફેક્ટરીની મુલાકાત ગોઠવવામાં આવી છે.

એક દિવસમાં ૩૫ થી ૪૦ જણ જઈ શકશે, એ હિસાબે પાંચ દિવસ રાખવામાં આવેલ છે. ત્યાં તેઓ વિવિધ ઈન્વસ્ટમેન્ટની સ્કીમ સમજાવશે.

જેઓને આવવાની ઈચ્છા હોય તેઓ પોતાના નામ રૂા. ૫૦ ભરીને નીચેના સભ્યો પાસે લખાવી શકે છે. **આપે નવા વર્ષની સભ્ય ફી ન ભરી હોય તો ભરવા વિનંતી.** આ મુલાકાત ફક્ત સભ્યો પુરતી મર્યાદિત છે.

ચાંદની ખોના: 09167710646
કાશ્મિરા લુઠીયા : 09821675771,
રાજશ્રી શાહ : 09987693334,
અલ્પા લાલકા : 09930830031,
લત્તા કુરવા : 09324028932,
લીના લોડાયા : 09769411010,
શોભા લોડાયા : 093220882391


**અસલ કલા-કસબનો સમન્વય**

**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*

**સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો, શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...**

**૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઇ- ૦૨. Tel. : 22413995 / 22402786**


શ્રી મોમાઈ માતાજી નમઃ

## શ્રી મોમાઈ માતાજી મોમાયા પરિવાર (સાંયરા)

### હાર્દિક આમંત્રણ

સહર્ષ જણાવવાનું કે સાંયરામાં બિરાજમાન આપણા કુળદેવી શ્રી મોમાઈ માતાજીની ચોથી સમુહ પહેડી તા. ૦૪.૦૫.૧૪ને રવીવારના શુભ દિવસે શ્રી કપોળવાડી, એમ.જી.રોડ, ઘાટકોપર (વે) મુંબઈ મધે (સમય સવારના ૮ કલાક થી) યોજવામાં આવેલ છે. જેના લાભાર્થી દાતા પરિવાર માતુશ્રી ભચીબાઈ લીલાધર મેઘણ મોમાયા પરિવાર હં. ભોઈમા જયાબાઈ નવિનચંદ મોમાયા સાંયરા - ઘાટકોપરવાળા છે.

સાંયરામાં શ્રી મોમાઈ માતાજીને નમતા ભાવિકો સહ પરિવાર એવમ નિયાણી બહેનો / દિકરીઓને સહ પરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**સુચના : નમ્ર વિનંતી છે કે કોઈ પણ કાળા વસ્ત્રો પહેરીને આવતા નહી.**

**નિમંત્રક**
**ભોઈમા જયાબાઈ નવિનચંદ મોમાયા**
**તથા મોમાઈ માતાજી પરિવારના**
**જય માતાજી**

## વસતી પત્રક સમિતિના કાર્યાલયનું નવું સરનામું

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતિ પત્રક સમિતિની ઓફીસ હવે **જોય હોમ ક્રિએશન્સ લિ. કેરઓફ. જોય હોમ્સ, કો.ઓપ.હા.સો.લિ, ગ્રાઉન્ડ ફ્લોર, આદિનાથ ટાવર સામે, દેના બેંક પાસે, એલ.બી.એસ.માર્ગ, ભાંડુપ મુંબઈ - ૪૦૦૦૭૮.** ખાતે સ્થળાંતરિત થઈ છે. તેની નોંધ લેવા વિનંતી ફોન નં. અને ઈમેલ બદલાયા નથી. ફોન નં. ૯૯૨૦૮૫૫૨૫૬, ૯૬૧૯૩૪૩૭૯૩ ઈમેલ : kdovasti@gmail.com, Web: www.kdovp.com.

પત્રવ્યવહારનું કાયમી સરનામું પણ બદલાયું નથી જે આપ પ્રમાણે છે. C/o. Vindo R. Dhulla, Aarkays, 5, P. N. Kothari Indil. Estate, Near Asisan Paints, Next to MSEB Office, L.B.S. Marg, Bhandup (West), Mumbai - 400078.

**હવે વસતિપત્રક એનરોઈડ, આયપેડ, આયફોન, પર ઉપલબ્ધ છે. કોઈ મુંઝવણ હોય તો વસતિપત્રક ઓફીસનો સંપર્ક કરવો.**

## શ્રી નલીયા નાગડા ગોત્ર માતાજીની સમુહ પહેડી

શ્રી નાગડા ગોત્રના માતાજીના નવીનીકરણ થઈકને પાંચવર્ષ પુર્ણ થયાની ઉજવણી નિમિત્તે તા. ૨૮.૫.૧૪ શનિવાર ૨૯.૫.૧૪ને રવીવાર ના બે દિવસનો કાર્યક્રમ રાખવામાંઆવેલ છે. માતાજીની સમુહ પહેડી પણ સાથે રાખવામાં આવેલ છે.

નલીયા મધે નાગડા ગોત્રના શ્રી અંબા માતાને નમતા ભાવિકો ત્યા નિયાનીઓને કાર્યક્રમમાં પધારવા ભાવભર્યું આમંત્રણ.

જે કોઈ ભાવિકો પહેડીમાં આવવા ઈચ્છતાં હોય તેઓ પોતના નામ નીચે સંપર્ક માહીતીને લખાવવા વિનંતી જેવી વ્યવસ્થા માટે સુગમતા પડે નવી ટેલીકોમ ડિસ બનાવવાની હોવાથી માતાજીને નમતા ભાવિકો પોતાના એડ્રેસ ત્યા માટે નંબર શ્રી ચેતન લહેરચંદ નાગડા મો. ૦૯૮૨૦૧૦૫૦૭૮ને જરૂરથી લખો મોકલતા ખાસ વિનંતી.

શ્રી માતાજીની થા બાપુના મકાનના નવીનીકરણ કરવા બાબત પહેડીમાં ચર્ચા - વિચારણા કરવામાં આવશે.

**વધુ માહિતી માટે સંપર્ક :**

શ્રી મહેશ શામજી નાગડા - ૯૮૪૨૨૫૮૩૨૭
શ્રી લહેરચંદ હીરજી નાગડા -૯૯૭૮૩૨૧૯૨૫
શ્રી મહેશ ખીમજી નાગડા - ૯૭૨૬૬૮૬૮૪૧

## શ્રી કદઓ જૈન સર્વોદય મંડળ - મુલુંડ

મંડળ દવારા આયોજીત શ્રી અચલગચ્છ અધિષ્ઠાયિકા ભગવતી શ્રી મહાકાળી માતાજીની ભાવના ૪-૫-૧૪ ના શ્રી વાસુપુજય જિનાયલે રાતે ૯.૦૦ કલાકે રાખેલ છે.

જેનો લાભ માતુશ્રી પ્રભાવંતીબેન ઝવેરચંદ ખીમજી મોમાયા પરિવાર - ડુમરાવાળાએ લીધેલ છે. આવતા માસની ભાવના ૮-૬-૧૪ ના છે. જેનો લાભ શ્રી કલ્યાણજી માણેકજી મૈશેરી પરિવાર માંડવીવાળાએ લીધેલ છે.

**ચતુર્થ પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ**

જન્મ
૨૨-૦૪-૧૯૩૭
તેરા-કચ્છ



અરિહંત શરણ
૨૮-૦૪-૨૦૧૦
વડોદરા-ગુજરાત

**સ્વ.(અ.સૌ.) મણિબેન ધનજી રતનશી ગોશર**

કચ્છ - બાયઠ

મનના માયાળુ, સૌ સાથે વાત્સલ્યભર્યા સંબંધો જાળવી, ધર્મ અને પ્રભુ ભક્તિમય જીવન જીવી, વ્યવહાર કુશળ અને પરોપકારી એવા પરિવાર પ્રેમીને ભાવભરી શ્રધ્ધાંજલિ અર્પણ. આપનો દિવ્ય આત્મા પરમપદ પામે એજ પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના!

ધનજી રતનશી ગોશર (બાયઠ-મુલુન્ડ) સમસ્ત પરિવાર
સ્વ. મુલજી શિવજી સામંત ખોના (તેરા-કચ્છ) સમસ્ત પરિવાર
સ્વ. કલ્યાણજી મુલજી લોડાયા (તેરા-કચ્છ) સમસ્ત પરિવાર
સ્વ. ખેતશી શામજી ખોના (સુજાપર-બેંગલોર) સમસ્ત પરિવાર

રિતેશ-જયશ્રી, પ્રાપ્તિ-ભાવેશ-ગુંજ-મેહેર, નિષિત-કિંજલ-સ્પર્શ
હંસકુમાર-મીના-યશેષ-સચિન
ભદ્રા-નરેશ-વૃષ્ટિ
જલ્પા-હિમાંશુ- આર્યન, પુજા-જય-દર્શન, મનાલી-નિહિર

## પરબ શક્તિ સંજીવની સોસાયટી
## સહર્ષ રજુ કરે છે.
## ગીત - સંગીત અને સંવેદનાઓથી ભરપુર કાર્યક્રમ

# 'તિર્થોત્તમ'

***"દેવ હાજર ન રહી શકે ઘર ઘર મહીં, માં સ્વરૂપે જન્મ લે જીવતર મહીં."***

માં જનેતા તો છે... પણ તેનાં સ્વરૂપ પણ અનેક છે. માતૃભૂમિ માતૃભાષા, શિક્ષક, નદી, ગાય વગેરે પણ માંના જ સ્વરૂપો છે. ચાલો માંના આ વિવિધ સ્વરૂપોને જાણીએ અને માણીએ - ગીત - સંગીતનાં સથવારે....

**તદ્દન અનોખો નાવીન્યસભર પ્રોગ્રામ માણવા પધારો.**

આ પ્રોગ્રામમાં 'પરબ' તરફથી પાંચ વિદ્યાર્થીનીઓને લેપટોપ ભેટ આપવામાં આવશે તેમજ આપણા સમાજની ૬ સન્નારીઓ

૧. માતુશ્રી ઈન્દુબેન ગોવિંદજી ધરમશી
૨. માતુશ્રી કાંતાબેન મુલજી લોડાયા
૩. ડો. ઈલાબેન વેરશી મૈશેરી
૪. શ્રીમતી મૃદુલાબેન હિરાચંદ દંડ
૫. શ્રીમતી ચંપાબેન બંકીમચંદ ખોના
૬. ડો. તરલા લીલાધર મૈશેરી

**ખાસ નોંધ : આ કાર્યક્રમમાં આવનારને 'અવસર સારીઝ (દાદર)' તરફથી ખરીદી પર ૧૦ ટક્કા ડીસ્કાઉન્ટ આપવામાં આવશે.**

જેઓ સમાજસેવાના ક્ષેત્રમાં ખુબ જ આગળ છે, તેઓનું સન્માન કરવામાં આવશે.

**તા. ૯.૫.૧૪ શુક્રવાર સમય : ૧ થી ૬.૩૦ વાગ્યા સુધી**
**અલ્પહારનો સમય : બપોરના ૨.૩૦ થી ૩.૧૫**
**સ્થળ : શ્રી નારાણજી શામજીની વાડી,**
**ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે)**

**આપ કાર્યક્રમની પાસ રૂા. ૨૦૦/- ભરીને**
**નીચેના સભ્યો પાસેથી મેળવી શકો છે.**

ઈન્દિરા વીકમશી : 09324036055,
કાશ્મિરા લુઠીયા : 09821675772,
દત્તા ખીમજી : 09820032882
દમયંતી શાહ : 09821913887
ચંદન મોમાયા : 09820803010
મીના શાહ : 09820566306,
તરલા ધુલ્લા : 09820281919,
પારુલ મોતા : 09322280529
પુષ્પા ખોના : 09322262521
જયશ્રી દંડ : 09892215560,
મીરા મોમાયા : 022-27660227
લીના કાયાણી : 09820926699,

## સ્ત્રી ઓએ કરવો રહ્યો તિરસ્કાર વિનાનો વિરોધ

### વનિતા વિશ્વ



'ક્વીન' ફિલ્મ ની સ્ટોરી પરંપરાગત રીતે ઊછરેલી અને વિચારતી રાણી નામની છોકરીનાં લગ્ન થવાના બે દિવસ અગાઉ એનો મંગેતર એને કહે છે, હું તને પરણી શકુંએમ નથી. તું ઉત્તર છે, હું દક્ષિણ છું વગેરે વગેરે. રાણી પર આકાશ તૂટી પડે છે. એ અવસ્થામાં રાણીની નજર ફ્રન્સના વિઝા અને ટિકિટો પર પડે છે. રાની એનાં લગ્ન પછી હનીમુન માટે ત્યાં જવાની હોય છે પછી રાણી એકલી જ જાય છે એના હનીમુન પરસ દિલ તુટેલું છે, મંગેતર માની જશે એવી આશાઓ સળવળે છે, મંગેતર પર ગુસ્સો પણ છે એવી માનસિક અવસ્થામાં. ક્રમશઃ પોતાની પીડા, અફીણી આશા અને ગુસ્સાને નાયિકા અતિક્રમી જાય છે. રૂપાંતરિત થવાની પ્રોસેસ તો તમારે પડદા પર જ જોવી પડશે, મારા શબ્દો તો સાવ ઠાલા છે, એ વાસ્તે. વાર્તામાં આગળ પેલા મંગેરતભાઈને થાય છે - રાણીનો ઈનકાર કરીને ભુલ થઈ ગઈ, એ પેરિસ જા યછે. રાણી હવે પોતાની ક્વીન બની ગઈ છે. દિલ્હી પરત આવી, સીધી મંગેતરના ઘરે જાય છે. એનો હગ કરી, થેન્કસકહી, એન્ગેજમેન્ટ રિંગ પરત કરી દે છે.

આપની આજની વાતોના સંદર્ભમાં, 'ક્વીન'માંથી પ્રથમ તો એ મળે છે કે જાતને શોધવાના હનીમુન પર એકલા ચાલો રે કરવું પડે છે. તમે જ તમારા સાથી. બીજું કે રાણીએ આસાન સમાધના શોધી લીધું હોત અવેજમાં, અન્ય કોઈને પરણી ગઈ હોત તો એને પોતાનો સ્પર્શ ક્યારેય ન થાય. ત્રીજી અને આપણા લેખના સંદર્ભમાં વધુ લાગુ પડતી વાત એ છે કે રાણીને જ્યારે એનો ફિયાન્સ પેરિસ મળે છે ત્યારે એ આક્રોશ નથી કરતી. આક્રોશ કરવાથી સાચા સાબિત થઈ શકાતું હશે, સમજણનો વિકાસ તો ચોક્કસથી કુંઠીત થઈ જાય. ચોથો મુદ્દો એ છે કે રાણીને આ સમગ્ર યાત્રા અર્થાત પીડા દરમિયાન પોતાની જાતની એવી તો નિકટતા મળી, પોતાને અન્ય કોઈની સરખામણીમાં કે વિરોધમાં જોવાની નહીં, પણ સ્વતંત્ર રીતે જોવાનો એવો તો અવસર મળ્યો કે એ એના મંગેતરને હગ કરી થેન્કસ કહે છે. થેન્કસ દોસ્ત, તેં મને તકલીફો આપી, ત્યારે તો મને મારો પરિચય થયો. હું કેવી વિવશ, પરતંત્ર, દોરાઈ જનારું જીવન જીવતી હતી એ મને હવે ખબર પડી. હવે હું જાગી. થેન્કસ, તેં મને જગાડી..... આમ તો દુનિયા આપણને આવા થેન્કસ કહેવાના મોકા અવારનવાર આપે છે, પણ આપણે થેન્કસ કહેવાન બદલે જગાળો આપીએ છીએ. નમકહરામ આપણે.

અને 'ક્વીન'માં સ્ત્રી - સ્વાતંત્રની ચળવળનો લેટેસ્ટ તબક્કો છે. સ્ત્રીઓએ પુરુષપ્રધાન સમાજનો વિરોધ કર્યો, હક માગ્યા, સમાનતા મેળવી, આંદોલનો કર્યાં, કરવાં પડે. હજુ પણ કરવાં પડશે, પણ 'ક્વીન'માં બિટ્વીન ધ લાઈન્સ કહેવાયું છે કે, 'વિરોધ કરવામાં હું મારી મક્કમતા અને સુંવાળપ નહીં ગુમાવું. હું પરુષપ્રધાન સમાજની માનસિકતાનો વિરોધ કરું છું, પુરુષોનો નહીં. મારો હક મેળવીશ, પણ એમ કરતાં જમાનાની દુશ્મન નહીં બનું. મારી યાત્રા હવે મારી સાથે'. ગાંધીજીએ અંગ્રેજોનો વિરોધ કર્યો હતો, એમનો તિરસ્કાર નહોતો કર્યો.

---

## શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગજ્ઞાન અભ્યાસ ક્રમની કેન્દ્રીય વાર્ષીક પરીક્ષા

શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગજ્ઞાન અભ્યાસ ક્રમની કેન્દ્રીય વાર્ષીક પરીક્ષા તા. ૨૦.૪.૧૪ના યોજાઈ. ભારતભરમાં કુલે ૩૪ સેન્ટરોહતા અને ૭૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠાહતા. એમાંથી ૧૮ પુ.પુ. સાધ્વીજી ભગવંત હતા. પરિણામ તા. ૨.૫.૧૪નાં સવારના ૧૧.૦૦ કલાકે www.achalgach.com પરથી જાણી શકાશે.

તા. ૧.૬.૨૦૧૪ (૧લી જુન) ને રવિવારે સર્ટીફીકેટ તથા મેડલોનું વિતરણ બપોરે ૩ થી ૫ કલાક દરમ્યાન શ્રી અનંતસિદ્ધિ ઉપાશ્રય ભાડુંપ મધ્યે કરવામાં આવશે.

કાર્યક્રમ બાદ સર્વેને સાધર્મિક ભક્તિ તથા ચોવિહારનો લાભ લેવા વિનંતી.

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત

શ્રી કાનજી ભાણજી મોતા, અને શ્રી દેવકાબાઇ કાનજી મોતા, તેરાવાલા

## દાતાઓ તરફથી મળેલ શાળા ફી - પુસ્તક સહાયભેટ -૨૦૧૩-૨૦૧૪

| નં. | દાતાશ્રીનું નામ | રકમ | કુલ રકમ |
|---|---|---|---|
| | | | |
| | **આરીખાણા** | | |
